**:: સ્પે. એન. ડી. પી. એસ. કેસ નં.૦૩/૨૦૨૪ ના કામે આંક–૬ હેઠળ હુકમ ::**

(૧) આ કામે ફરીયાદપક્ષે તરફે હાલની અરજી આપીને એવી રજૂઆત કરવામાં આવી છે કે, આ કામના આરોપીઓ વિરૂધ્ધ એ. ટી. એસ. પો. સ્ટે. ના ગુ. ર. નં. થર્ડ ૦૧/૨૦૨૪ થી એન. ડી. પી. એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૩(સી), ૨૯ મુજબનો ગુનો દાખલ થયેલ છે, જે ગુનાના કામે (૧) તાહીરા વા/ઓ ઈશા હુશૈન, જાતે રાવ, ઉ. વ. ૫૦, રહે. ગામ : જોડીયા જી. જામનગર (૨) અરબાઝ ઈશા, જાતે. રાવ, ઉ. વ. ૨૪, રહે. ગામ : જોડીયા જી. જામનગરને સદર ગુનાના કામે તા. ૦૫/૦૩/૨૦૨૪ ના રોજ કલાક : ૧૮/૦૦ વાગ્યે અટક કરી, તેઓને રીમાન્ડ મેળવેલા અને હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં છે. જયારે આરોપી હશૈન ઈશા, જાતે. રાવ, ઉ. વ. ૨૭, રહે. ગામ : જોડીયા જી. જામનગરને સદર ગુનાના કામે તા. ૩૦/૦૭/૨૦૨૪ ના રોજ કલાક : ૧૬/૧૫ વાગ્યે અટક રી, રીમાન્ડ મેળવી, હાલ જયુડીશ્યલ કસ્ટડીમાં છે. આ ત્રણેય આરોપીઓનો પોલીગ્રાફ ટેસ્ટ ડી. એફ. એસ. ગુ. રા. ગાંધીનગર ખાતે કરાવવો જરૂરી હોય, ત્રણેય આરોપીઓના પોલીગ્રાફ ટેસ્ટ કરવા મંજુરી કરવા વિનંતી કરેલ છે.

(૨) ફરીયાદપક્ષની ઉપરોકત અરજીના કામે આરોપીઓ તરફે વિ. વ. શ્રી જે. આઈ. સેલત હાજર થયેલ છે અને તેઓએ આંક–૧૦ થી પોતાના વાંધા જવાબ રજૂ કરીને, ફરીયાદપક્ષની હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૩) ઉભયપક્ષની ઉપરોકત રજૂઆતો તથા આરોપીઓ તરફે રજૂ કરવામાં આવેલ ઓથોરીટીના સિદ્ધાંતોને તથા આરોપીઓ સામેના કેસની વિગતોને ધ્યાને લેતા, આ કામના આરોપીઓએ બીજા દેશમાંથી ગેરકાયદેસર રીતે માદક પદાર્થ હેરોઈન આઠ કિલોનો વાણિજય જથ્થો ભારતમાં ઘુસાડવાનું ગુનાહીત કાવતરૂ રચી, આઠ કિલો હેરોઈનનો જથ્થો ઓમાનના દરીયા નજીક ઈન્ટરનેશનલ વોટરમાંથી બોટ દ્વારા લાવી, વેરાવળના દરીયા કિનારે ઉતારી, તે હેરોઈનનો જથ્થો આરોપીઓએ એકબીજાની મદદગારીથી દિલ્હી ખાતે ડીલીવરી કરી, આરોપીઓએ એકબીજાની મદદગારીથી આઠ કિલો માદક પદાર્થ હેરોઈનની આંતર રાજય હેરફેર તથા વેચાણ કરી, એન. ડી. પી. એસ. એકટની કલમ–૮(સી), ૨૨(સી), ૨૩ (સી), ૨૯ મુજબનો ગુનો કરેલાનો કેસ દાખલ થયેલ છે અને તે ગુનાના કામે ત. ક. અમલદારશ્રી દ્વારા તપાસ પુર્ણ કરીને ચાર્જશીટ આ

અદાલતમાં દાખલ કરેલ છે, જેને એન. ડી. પી. એસ. કેસ નં. ૦૩/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. આ કેસના કામે ફરીયાદપક્ષ તરફથી હાલની અરજી આપીને આરોપી તાહીરા વા/ઓ ઈશા હુસૈન, અરબાઝ ઈજા તથા હુશૈન ઈજાના પોલીગ્રાફ ટેસ્ટ કરવા માટે માંગણી કરેલ છે, જે અરજીનો આરોપીઓ તરફે વિરોધ કરવામાં આવેલ છે અને આરોપીઓની સંમતિ વગર આવો પોલીગ્રાફ કરાવી શકાય નહી, તેવી ભારપુર્વકની રજૂઆત કરવામાં આવેલી છે. આ સંદર્ભે નામ. ગુજરાત હાઈકોર્ટના **અનીલભાઈ સોમાભાઈ મકવાણા વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૨૦૨૪ (૦) એ. આઇ. જે. ઇ. એલ–એચ.સી ૨૪૮૨૦૯)** ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે નામ. સુપ્રિમ કોર્ટના **સેલ્વી અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકા (૨૦૧૦ (૭) એસ. સી. સી. પાના નં. ૨૬૩)** ના ચુકાદામાં પ્રતિપાદીત થયેલા સિદ્ધાંતોને વંચાણે લઈ, પોલીગ્રાફ ટેસ્ટ આરોપીની મંજુરી વિના કરી શકાય નહીં, આમ કરવું તે આરોપીના બંધારણીય અધિકાર ઉપર તરાપ માર્યા સમુ ગણી શકાય, તેમ ઠરાવેલ છે.

(૪) ઉપરોકત ચુકાદાઓમાં પ્રતિપાદીત થયેલ સિદ્ધાંતોને નજર સમક્ષ રાખતા, હાથ પરના કેસમાં જયારે આરોપી દ્વારા પ્રોસીકયુશન તરફે માંગવામાં આવેલ પોલીગ્રાફ ટેસ્ટની મંજુરી માટે, આરોપીની સંમતિ નહીં હોવાનું જાહેર કરવામાં આવેલ છે ત્યારે પ્રોસીકયુશનની હાલની અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર રહેતી ન હોય, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**––:: હુકમ ::––**

(૧) ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ આંક–૦૬ ની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૩૦મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તા.૩૦.૦૮.૨૦૨૪
સ્થળ–વેરાવળ

**(પ્રતાપદાન શંભુદાન ગઢવી)**
સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૪૦